## હરિની દ્રષ્ટિ...




સાહેબ, મહાદેવનો ભક્ત છું... શ્રાવણ મહિનામાં માંગ્યું કે... રૂમ ભરી પૈસા... એ.સી. ... આરામની ઊંઘ અને કોઈ બોસ નહીં... તો અહીં નોકરી મળી ગઈ...!!

# પીધેલી હાલતમાં નીકળેલા અધિકારી ગાડી અથડાતા ફસાયા

**ગ-૩ પાસે તેમની આગળ જતી આઈ-૨૦ ગાડીમાં પાછળથી પોતાની ગાડી ઘુસાડી દીધી : ગાડીની નંબર પ્લેટ પર અન્ડર સેક્રેટરી લખેલુ જોઈ ટોળુ ભેગુ થયુ ને જોયું તો 'સાહેબ' બોલી શકે તેવી હાલતમાં પણ ન હતા : ગાડીમાંથી દારૂની એક બોટલ પણ મળી**

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય સરકારમાં અન્ડર સેક્રેટરી તરીકે ફરજ બજાવતા કલાસ-૧ ઓફીસર પોતાની ગાડી લઈને શહેરના ગ-માર્ગ પર ફરવા નીકળ્યા હતા. દારૂના નશામાં ચૂર અન્ડર સેક્રેટરીએ આગળ જતી એક ગાડીની પાછળ પોતાની ગાડી ઘુસાડી દીધી. ત્યારે ખ્યાલ આવ્યો કે સાહેબે એ હદે દારૂ ઢીંચેલો છે કે સરખુ બોલી શકે તે સ્થિતિમાં પણ નથી. ગાડીમાં નજર નાંખી તો એક બોટલ તો હજુ સીલ પેક પડી હતી. જેની સાથે ગાડી અથડાઈ તેમણે અન્ડર સેક્રેટરીને પોલીસ સ્ટેશન ભેગા કર્યા અને સે. ૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી..!

મળતી માહિતી મુજબ સેક્ટર-૫-સી પ્લોટ નં. ૧૬૩૦/૧ ખાતે રહેતા અને ગાંધીનગર કલેક્ટર કચેરીમાં બોન્ડ રાઈટર તરીકે કામ કરતાં સુરેશભાઈ જેઠાભાઈ પટેલ પોતાની આઈ-૨૦ ગાડી લઈને બપોરે રીશેષ સમયે ઓફીસથી ઘરે જઈ રહ્યા હતા ત્યારે ગ-૩ નજીક એક મારૂતી ફ્રંટી ગાડી નં. જીજે-૧-પીપી-૩૧૨૧ના ચાલકે પાછળથી તેમની ગાડીને ટક્કર મારી દીધી હતી. આઈ-૨૦માંથી ઉતરીને જોયુ તો ગાડીની નંબર પ્લેટ ઉપર 'અન્ડર સેક્રેટરી ગુજરાત ગવર્મેન્ટ' લખેલુ હતુ. ગાડી ચલાવી રહેલા સાહેબ દારૂના નશામાં ધૂત હતા. બોલવા-ચાલવાની ક્ષમતા પણ ન હતી એ હદે દારૂ ઢીંચેલો હતો. ગાડીની અંદર ડોકીયુ કરીને જોયુ તો 'મેક-ડૉવેલ્સ નં. ૧ સેલીબ્રેશન રમ'ની સીલ પેક દારૂની એક બોટલ પણ ગાડીમાં પડેલી હતી.



અકસ્માત બાદ ટોળુ ભેગુ થયુ ને આ દૃષ્ય જોઈને ટોળુ પણ ચોંકી ઉઠ્યું હતું. સુરેશભાઈ પટેલે અન્ડર સેક્રેટરી સામે ફરીયાદ આપતા સે. ૭ પોલીસે આઈપીસી ૨૭૯, એમ.વી. એક્ટ ૧૮૩, ૧૮૪, ૧૮૫ મુજબ ગુનો દાખલ કરી અન્ડર સેક્રેટરી આર.સી. સથવારાની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિવિલ હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ અને બ્લડ સેમ્પલ લેવા પોલીસ તજવીજ શરૂ કરી હતી.

## ફોરેસ્ટમાંથી હેલ્થ ડિપાર્ટમેન્ટમાં બદલી થતા 'પાર્ટી' ગોઠવી હતી..!

દારૂના નશામાં ચૂર અન્ડર સેક્રેટરી આર.સી. સથવારાને પોલીસ સ્ટેશન લઈ જવાયા ત્યારે તેમણે પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે તાજેતરમાં તેમની બદલી ફોરેસ્ટમાંથી હેલ્થ ડીપાર્ટમેન્ટમાં થઈ હતી. ફોરેસ્ટમાંથી છુટા થયા તે અંતર્ગત પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને કેટલાક અધિકારી મિત્રો પાર્ટી કરીને છુટા પડ્યા હતા દરમ્યાન અકસ્માત થઈ ગયો હતો..!

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા કલેક્ટર સહિત જિલ્લાના લગભગ તમામ અધિકારીઓ આજે વિડીયો કોન્ફરન્સમાં વ્યસ્ત રહ્યા હતા.

● આદર્શ ગામ તરીકે પસંદગી પામેલ જાખોરા ગામમાં રાજકીય પક્ષોના આગેવાનોના પ્રવેશ પર મનાઈ ફરમાવવામાં આવી છે.

● ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે ૧૦૦ ટકા શૌચાલય ધરાવતી ગ્રામ પંચાયતોના સરપંચનું સન્માન કરાશે.

● મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે બે ઉમેદવારી પત્રો ભરાયા છે.

● કોંગ્રેસમાં વિચારક્રાંતિ અભિયાનના ભાગરૂપે ૧૯મીએ બહુચરાજી ખાતે મળનાર બેઠકને લઈ ગાંધીનગર કોંગ્રેસમાં સળવળાટ શરૂ થયો છે.

● વેપારી અગ્રણી શ્રી અશોકભાઈ શ્રોફના માતુશ્રી જીબાબાનું ૯૨ વર્ષની જૈફવયે દુ:ખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમ વિધિ માતૃતીર્થ સિદ્ધપુર ખાતે કરાઈ હતી.

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં મામલતદાર દબાણ તરીકે નિયુક્ત થયેલ શ્રી જે.ટી. મકવાણાએ તેમનો નવો હોદ્દો સંભાળી લીધો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર શહેરમાં ગ્રેટ ગોલ્ડન સર્કસનો શુભારંભ સે-૬નાં મેદાનમાં સોમવારે રાત્રે કરવામાં આવ્યો છે. ઉદઘાટન પ્રસંગે મેયરશ્રી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ તેમજ ડેપ્યુટી કમિશનરના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટરશ્રીઓ અને મોટી સંખ્યામાં નગરજનોએ સર્કસના કરતબોનો આનંદ મેળવ્યો હતો. સર્કસમાં સૌથી વધુ આર્કષણનું કેન્દ્ર 'આફ્રીકન ડાન્સ' અને રશિયન કલાકારો બન્યા હતાં.

## ગાંધીનગર ખાતે ૧૯-૨૦મીએ નેશનલ ઓપ્થલ્મિક કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં અંધત્વ નિયંત્રણ અંગે લોકજાગૃતિ કેળવાય તે આશયથી રાષ્ટ્રિય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ગુજરાત ઓપ્થલ્મિક આસીસ્ટન્ટ એસોસિએશન દ્વારા આગામી તા. ૧૯-૨૦ સપ્ટેમ્બર-૨૦૧૫ દરમિયાન ગાંધીનગર ખાતે રાષ્ટ્રિય કોન્ફરન્સનું આયોજન કરાયું છે. જેમાં દેશના વિવિધ રાજ્યોના ૩૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ કડી એજ્યુકેશન કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાનાર આ બે દિવસીય નેશનલ કોન્ફરન્સનો શુભારંભ તા. ૧૯મી સપ્ટેમ્બરને શનિવારે સવારે ૯.૦૦ કલાકે થશે. ત્યાર બાદ બન્ને દિવસ દરમિયાન વિવિધ ચર્ચા સત્રો યોજાશે. જેમાં નિષ્ણાંતો, તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે.

આ સેમિનારમાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ઓપ્થલ્મિક ઓફિસરો, સીનિયર ઓપ્ટ્રોમેસ્ટ્રિસ્ટશ્રીઓ, ઓપ્થલ્મિક આસીસ્ટન્ટો પણ ભાગ લઈ ચર્ચા-વિમર્શ કરશે, તેમ ગુજરાત ઓપ્થલ્મિક આસીસ્ટન્ટ એસોસીએશનની યાદીમાં જણાવાયું છે.

# કેવડાત્રીજના વ્રત નિમિતે મંદિરોમાં મહિલાઓ દ્વારા વિશેષ પૂજા કરાશે

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગના મંદિરોમાં કેવડાત્રીજ નિમિતે મહિલાઓ વિશેષ પુજા અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના વિવિધ મંદિરોમાં મહિલાઓ પોતાના પતિના લાંબા આયુંષ્ય માટે તેમજ કુંવારી કન્યાઓ મનગમતા ભરથાર મેળવવા કેવડાત્રીજના વ્રતની પુજા કરે છે. શહેરના બજારોમાં મહિલાઓ પુજા માટે સામગ્રી ખરીદતી જોવા મળી હતી. ભગવાન શિવ અને માતા પાર્વતીજીની વાત સાથે આ વ્રતનો મહિમા સંકળાયેલો છે.



આ વ્રતની મહિલાઓ વર્ષ દરમિયાન આતુરતાથી રાહ જોવે છે. ભાદરવા સુદ ત્રીજના વ્રત રાખવામાં આવે છે. મહિલાઓ અને કુમારીકા નકોરડો ઉપવાસ કરે અને બને તો કેવડો સુંધી ફળાહાર કરી જળપાન કરે છે. મહિલાઓ પૃથ્વી પર ઉગેલી વન્સ્પતિઓ, ફુલો, તેમજ કેવડો શીંવલીંગ પર ચડાવીને પુજા અર્ચના કરે છે. ભગવાન શિવને બિલિપત્ર અને ફુલો ચડે છે. પરંતુ માતા પાર્વતીજીએ રણમાં માટીનું શિવલીંગ બનાવીને ભગવાન શિવને ફલો, બિલિપત્રની સાથે સાથે કેવડો પણ હેતથી ચડાવ્યો હતો. શિવ ભગવાને બિલિપત્ર પ્રિય છે. પરંતુ માતા પાર્વતીજીએ બિલિપત્ર હેતથી ચડાવ્યા હતા. તેથી ભગવાને તેનો સહર્ષ સ્વીકાર કર્યો હતો. તેવું કથા વાર્તામાં કહેવાયું છે. કેવડાત્રીજના દિવસે જ માત્ર કેવડો શિવલીંગ પર ચડાવવામાં આવે છે. આ વ્રત મહિલાઓ પોતાના પતિના લાંબા નિરોગી આયુષ્ય માટે કરે છે. જયારે કુમારીકાઓ પોતાને મનગમતો જીવનસાથી મળી રહે તે માટે કરે છે. દિવસ દરમિયાન મહિલાઓ ભગવાનની આરધના કરી રાત્રી જાગરણ પણ કરે છે. ગાંધીનગરના વિવિધ મંદિરોમાં કેવડાત્રીજને લઈ વિશેષ પુજા યોજાશે. મંદિરોમાં મોટી સંખ્યામાં મહિલાઓ પુજા કરતી નજરે પડશે. ભાદરવા સુદ ત્રીજને વ્રત કરનાર સ્ત્રીઓનું સૌભાગ્ય અખંડ રહે છે. જયારે વ્રત કરનાર કુમારિકાને મનગમતો જીવનસાથી પ્રાપ્ત થશે અને વ્રત કરનારની દરેક ઈચ્છા પરિપૂર્ણ થશે. ગાંધીનગરના બજારોમાં મોટી સંખ્યામાં મહિલાઓ વ્રત હોવાથી પુજાની સામગ્રીની ખરીદી કરી હતી.

## ઉવારસદના વિકલાંગ વિદ્યામંદિર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૧૫

શારદાબેન કાંતિલાલ દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર ખાતે જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જ્ઞાન સપ્તાહ અંતર્ગત શાળામાં તા. ૯ સપ્ટેમ્બરથી તા. ૧૫ સપ્ટેમ્બર સુધી આપણું સ્વાસ્થ્ય આપણા હાથમાં વિષયને લઈ અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. મેલેરિયા, ડેન્ગ્યુ, કમળો, સ્વાઈન ફલુ જેવા વિવિધ રોગોની માહિતી પણ આપવામાં આવી હતી તથા જ્ઞાનવર્ધક પ્રશ્નોત્તરી કવીઝ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

એસ.કે. દેસાઈ વિકલાંગ શાળામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાંઆવી હતી. જેમાંનિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ વકતૃત્વ અને નિબંધ લેખન સ્પર્ધામાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓના નામ જાહેર કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

એસ.કે. દેસાઈ વિકલાંગ શાળામાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિન નિમિત્તે શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા હતા. શિક્ષક બનનાર વિદ્યાર્થીઓએ સમગ્ર શાળાનું સંચાલન કરી પોતાની ફરજ નિભાવી હતી. તેમજ શાળાનું વાતાવરણ રંગીન બની ગયુંહતુ. શિક્ષક દિનના અંતે કાર્યક્રમમાં શિક્ષક બનનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી બિરદાવવામાં આવ્યા હતા.

## ઉગ્ર તપશ્ચર્યા

ગાંધીનગર, તા. ૧૫

જૈન ધર્મના શ્રદ્ધાળુઓ ભાદરવા માસમાં પર્યુષણનું પર્વ ઉજવે છે. પર્યુષણ પર્વ ઉજવવાનો મુળ ઉદેશ્ય પોતાના આત્માને શુદ્ધ કરવા માટે જરૂરી ઉપક્રમો પર ધ્યાન કેન્દ્રીત કરવાનો હોય છે. પ્રેમ, અર્ચના, ત્યાગ, તપસ્યા, ઉપવાસમાં વધારેમાં વધારે સમય પસાર કરવામાં આવે છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૮ પ્લોટ નં. ૪૨૭/૧ એ ગીતાંજલી પાર્ક ખાતે રહેતા હેમાલી અશોકકુમાર મહેતાએ ૧૮ ઉપવાસનું આકરૂ તપ કર્યું છે.



## ક્ષમા : રાખો, માંગો અને આપો

### પરમપુજ્ય આચાર્યશ્રી અરુણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

### માનવીઓને પર્વાધિરાજ પર્યુષણની અણમોલ બક્ષિસ : "ક્ષમાપના"

હથોડાને ય શરમાવી નાખે એવો હાથ પરમાત્માના વંદન માટે જોડવાને બદલે પેટ્રોલ છાંટેલા સળગતા કાકડા પકડતો થઈ જાય છે.




ત્યારે ટુંટીયુ વાળીને પડેલી માનવતાના આંગળા દાઝ્યા વગર નથી રહેતા! આંગળાનાં ટેરવા ટોળા સામે તોપના નાળચાં ગોઠવતાં થઈ જાય છે, ત્યારે સાત્વિકતાની દેવીની આંખમાંથી અશ્રુ ખરવા લાગે છે! હાથનો પંજો જ્યારે કોકના પેટમાં ખંજર હુલાવતો થઈ જાય છે. ત્યારે "વિશ્વ શાંતિ"ના મુખમાંથી કાળજા ફાડ ચીસ નીકળી પડે છે! વેરનાં વાવેતર, કોઈનું ગળુ ઘોટી દેવા જેવી તેજાબી દુશ્મની અને માણસાઈની આંખો ફોડી નાખે એવું અરિત્વ! માનવીને મળેલી મહામૂલી જિંદગીના એંસી કે સો વરસોનો અર્ક શું આ છે? બચવું છે એનાથી પણ બચાવશે કોણ? છે કોઈ આ મહા યંત્રણાથી ભર્યા ભર્યા રોગની અક્સીર ઉપચાર? હા, છે! એનોય ઉપચાર છે! અને એ ય એવો દિવ્ય ઉપચાર છે કે એનું સેવન કરનારો ક્યારેય વેરનો "વ" અને ઝેરનો "ઝ" ન ઉચ્ચારે! હા, બચાવનાર છે આ જગતમાં બચાવનાર છે પર્વાધિરાજ પર્યુષણનો સાંવત્સરિક ક્ષમાપનનો દિવ્ય દિવસ! અને રોગ મિટાવન ઔષધ ગોટલીનું નામ છે : "ક્ષમા" છે તો બે જ અક્ષરોનો નાનકડો શબ્દ, પણ એમાં કેન્સર તો શું, કેન્સરનાય બાપ જેવા રોગ "દુશ્મની"ને નેત્સનાબૂદ કરવાનું સારવાર સામર્થ્ય છે!

**પર્યુષણ સાતમો દિવસ**

શાંતિનો ચાહક મનુષ્ય, અંતરમાં આગ ભરી બેસે છે ત્યારે પાગલતા એને પશુ બનાવી દે છે! ચામડા અને ચહેરા ઉપરથી "માણસ" તરીકે ઓળખાતો માનવી કાળજામાં ઘુસી ગયેલી આગને કારણે જાનવરને ય સાઈડ બાય કરી દે છે! અને પછી વેરની વસૂલાત માટે એના શિંગડા પર શેતાને તમને ભટકાવી દીધા હોય તો અટકો, અને થોભો! માણસના હાડકાના પોલાણમાં તો પ્રેમદૌરથ ઠાંસી ઠાંસીને ભર્યો છે! પ્રેમ તો માણસની સાચી આઈડેન્ટીટી છે! પણ વેરની પ્રવલતાને કારણે માણસ એની ઓળખ ગુમાવી દે છે! આગની સળગતી સગડી છાતીએ લટકાવીને ફરનાર માણસની પાગલતા ખૂંખાર હિંસક જાનવરની સ્પર્ધા કરવા લાગે છે! વેર આગ છે, માનવીને અણમોલ વ્યક્તિત્વને ભસ્મીભૂત કરનારી આગને એ ઠારે છે સાવત્સરિક ક્ષમાપન જિનશાસનનો આ જ તો મહામંત્ર છે.

ક્ષમા માગે, ક્ષમા આપો, ક્ષમત્વ રાખો, સંસારને કંસારની જેમ ટેંસડાથી માણતા ભોગવાદી ભોજન ભક્તોને આ વાત કદાય નહિ સમજાય! દુશ્મનીના દહિવડાને છરી કાંટે ચઢાવીને ટેસ્ટને જ શ્રેષ્ઠ માની બેઠેલા માણસો કે મોહ ચટણીના શોખીનોના ગળે પણ આ વાત નહિ ઉતરે! વેર વાચક વિચારોનો વેપલો કરીને કાળજાનો ત્રાજવાના બાટની જેમ ઉપયોગ કરનાર અને અરિત્વના થેપલા ને અકરાંતિયાની જેમ ઉદારધીન બનાવનારા જો એક વાર આ ક્ષમાના અક્સીરપણાને ઓળખી લેતો એમના દિલમાં દુશમનીની આગ નહિ. મેત્રીની દિપકો પેટાઈ જાય! જિનશાસનની તત્વ તિજોરીમાં જે અણમોલ રત્નો પડ્યાં છે. એમાંનું એક અને અજોડ રત્ન છે : ક્ષમાપના! કોઈની સાથે મન દુખ થયું છે. તો દોડવીરની જેમ દોટ લગાવો એના હાથમાં હાથ મિલાવો એને ભાવથી ભેટો અને કહો : "મને ક્ષમા આપો મિત્ર! મિચ્છામી દુક્કડમ! દરગુજર કરી દો મારા દુષ્કૃત્યોને!

## એરફોર્સ દ્વારા હિન્દી પખવાડિયાની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૫

એરફોર્સના દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન્ડ હેડ ઓફિસ અને કમાન્ડ યુનિટના સંયુક્ત ઉપક્રમે હિન્દી પખવાડિયાનું આયોજન ૧૪થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન થઈ રહ્યું છે. આ પખવાડિયા દરમ્યાન એરફોર્સના કર્મચારીઓ હિન્દી ભાષામાં વિવિધ લેખનકાર્ય કરી પોતાની સર્જનાત્મક શક્તિનો પરિચય આપશે.

આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન્ડ હેડ ક્વાર્ટરના વહીવટી અધિકારી એર. વાઈસ માર્શલ શ્રી એ.કે. નાભે દીપ પ્રગટાવી કર્યુ હતુ. તેમણે વડી કચેરીના કર્મચારીઓને સરકારી કામકાજમાં હિન્દીનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. આ અવસરે મોટી સંખ્યામાં ઓફિસના કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પખવાડિયા દરમ્યાન કવિતાપઠન, શ્રુતલેખન, નિબંધ તથા ટિપ્પણી લેખન જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે તથા ૩ દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવશે.



## સે-૧૨ વુમન હોસ્ટેલ ખાતે નિદાન કેમ્પ યોજાયો

લાયોનેસ કલબ ગાંધીનગર અને અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના સંયુકત ઉપક્રમે ડાયાબીટીસ, બીપી, બીએમઆઈ ટેસ્ટનો એપોલો હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક નિદાન કેમ્પ સે-૧૨ની વર્કીગ વુમન હોસ્ટેલ ખાતે યોજાયો હતો. જેમાં ૧૨૦થી વધુ નગરજનોએ કેમ્પનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં લાયોનેસ ચેરપર્સન નિશાબેન ત્રિવેદી, વુમન એમ્પાવરમેન્ટ ચેરમેન સેજલબેન શાહ, એરીયા કો-ચેરપર્સન ઉષાબેન ગજ્જર ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં અંબાજી પગપાળા જતાં ભક્તો માટે સેવા કેમ્પ કાર્યરત

ગાંધીનગર તા.૧૫

ભાદરવી પૂનમે અંબાજી ચાલતા જતા પદયાત્રાળુઓ માટે ગાંધીનગરના વિવિધ સ્થળોએ સેવા કેમ્પ કાર્યરત થઈ ગયા છે. રાજયભરમાંથી અંબાજી ચાલતા જતાં લાખો યાત્રાળુઓ ગાંધીનગરથી પસાર થાય છે. યાત્રિકો માટે શહેરમાં ઠેર ઠેર ચા, પાણી, નાસ્તો, જમવાનું, તેમજ દવાઓ સહિતની ચીજવસ્તુઓની સેવા કેમ્પના સેવાભાવી આયોજકો પુરી પાડે છે.

ભાદરવી પૂનમે માં અંબાના પવિત્ર યાત્રા ધામ અંબાજી ખાતે માનવ મહેરામણ સર્જાય છે. રાજયભરમાંથી લાખો ભકતો અંબાજી પગપાળા યાત્રા કરે છે. અંબાજી ખાતે માં અંબાના દર્શનાર્થે કેટલાંક સઘો વર્ષોથી નિયમિત રુપે જાય છે. પગપાળા જતા યાત્રિકો થી રસ્તા ખીચોખીચ ભરેલા હોય છે. ચાલતા જતા ભકતો માટે સેવાભાવી લોકો દ્વારા અંબાજી જતા માર્ગો પર સેવા કેન્દ્ર શરુ કરવામાં આવે છે. જેમાં ભકતોની સાર સંભાળ લેવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં પણ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સેવા કેન્દ્રો કાર્યરત થઈ ગયા છે. નગરના વિવિધ માર્ગો પર શરુ થયેલા સેવા કેન્દ્રો બે બે દાયકાથી વધુ સમયથી ભકતો માટે સેવા આપે છે. શહેરના કોઈ પણ માર્ગ પરથી પસાર થતા ભકતો માટે સેવા કેન્દ્રમાં ચા, મીનરલ પાણી, શરબત તેમજ નાસ્તામાં બટાકા પૌવા, ગાઠીયા, ખમણ, ચવાણું, જયારે ભોજનમાં પણ દાળ ભાત, પુરી શાક સહિત ફ્રુટનું વિતરણ કરવામાં આવે છે. જયારે યાત્રિકો માટે સ્નાન કરવા ગરમ પાણી, દવાઓ, આરામ કરવા માટે પથારી સહિત અગત્યની સેવા મોબાઈલ ચાર્જ કરવાની સુવિધા ભકતોને આપવામાં આવે છે. ગાંધીનગર શહેર મધ્યમાં હોવાથી મોટાભાગના ભકતો ચાલતા અહીથી પસાર થાય છે. શહેરમાં એકમથી ચાલતા જતા ભકતો નજરે પડતા હોવાથી સેવાભાવી આયોજકો વહેલી તકે સેવા કેન્દ્રો શરુ કરે છે. નગરના સેવાભાવી યુવકો રાત દિવસ સેવા કેન્દ્રોમાં સેવા આપે છે. બોલ મારી અંબે જય જય અંબે ના જય ઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠશે. ભાદરવી પૂનમે ચાલતા જતા ભકતોથી નગરના માર્ગો પર સેવા કેન્દ્રોનો પ્રારંભ થઈ ચુકયો છે.

